પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 25-11-2024 Morning : 7.10 to 7.20

Day: Monday Regional News

1) આજથી સંસદના શિયાળુ સત્રનો પ્રારંભ થશે
2) આઇઆઇએમમાં પ્રવેશ માટેની કેટની પરીક્ષામાં અમદાવાદ ખાતે આઠ હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી
3) લોકો પાસે પૈસા પડાવનારા નકલી આઇએએસની અમદાવાદ ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરી
4) કચ્છ પોલીસે ડ્રગ્સના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપ્યા
5) રાજયમાં પારો ગગડતા ઠંડીનો ચમકારો વધ્યો - 11.7 ડિગ્રી સાથે ગાંધીનગર બન્યું સૌથી ઠંડુ શહેર

---

PARLIAMENT WINTER SESSION

સંસદનું શિયાળું સત્ર આજથી શરૂ થશે. 26 દિવસ સુધી ચાલનારા આ સત્ર દરમિયાન 19 બેઠક યોજાશે. સંસદ સત્રના સુચારૂ સંચાલન સુનિશ્ચિત કરવા અંગે ચર્ચા કરવા ગઈકાલે સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી, જેમાં 30 રાજકીય પક્ષના 42 નેતાઓ જોડાયા અને દરેક પક્ષના નેતાએ પોતાના વિચાર રજૂ કર્યા હતા. બેઠક બાદ સંવાદદાતાઓ સાથે વાતચીત કરતા સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂએ કહ્યું કે, શિયાળું સત્ર દરમિયાન સરકાર સંસદમાં કોઈ પણ મુદ્દા પર ચર્ચા કરવા માટે તૈયાર છે.

જ્યારે કૉંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ કહ્યું, પક્ષે ઉદ્યોગપતિ દ્વારા કથિત લાંચ કોભાંડ, મણિપુરની સ્થિતિ, બેરોજગારી અને ઉત્તર ભારતમાં પ્રદૂષણ સહિતના અન્ય મુદ્દાઓ પર ચર્ચાની માગ કરી છે.

MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં બિન-રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા પરિવારોના યુવાનોને રાજકારણમાં જોડાવા અપીલ કરી છે.

આકાશવાણી પરથી પ્રસારિત થયેલા મન કી બાત કાર્યક્રમમાં શ્રી મોદીએ કહ્યું કે એક લાખ યુવાનોને રાજકારણ સાથે જોડાવા માટે દેશમાં વિશેષ અભિયાન ચલાવવામાં આવશે.

પ્રધાનમંત્રીએ સમાજ માટે નિઃસ્વાર્થ ભાવે કામ કરતા યુવાનો વિશે વાત કરી. તેમણે ડિજિટલ હયાતી પ્રમાણપત્ર મેળવવા વૃદ્ધોને મદદ કરવા બદલ લખનૌના વીરેન્દ્રની પ્રશંસા કરી. શ્રી મોદીએ વૃધ્ધોને ડીજીટલ એરેસ્ટના જોખમથી બચાવવા આગળ આવી રહેલાં યુવાનો અંગે વાત કરતાં કહ્યું કે અમદાવાદનો રાજીવ લોકોને ડિજિટલ ધરપકડના જોખમ વિશે ચેતવણી આપી રહ્યો છે. શ્રી મોદીએ સરકારમાં ડીજીટલ એરેસ્ટની કોઈ જોગવાઈ નથી તેનો પુનઃરોચ્ચાર કર્યો હતો. પ્રધાનમંત્રીએ યુવાનોને એનસીસીમાં મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી હતી. શ્રી મોદીએ કહ્યું કે NCC યુવાનોમાં શિસ્ત, નેતૃત્વ અને સેવાની ભાવના કેળવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે એક પેડ મા કે નામ અભિયાને માત્ર પાંચ મહિનામાં 100 કરોડ વૃક્ષો વાવવાની મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે. શ્રી મોદીએ આ અભિયાનમાં દેશભરના લોકોની ભાગીદારી પર ખુશી વ્યક્ત કરી હતી. સ્વચ્છતા અંગે શ્રી મોદીએ જણાવ્યું હતું કે આ અભિયાનથી સરકારી વિભાગોમાં આશ્ચર્યજનક પરિણામો આવ્યા છે અને ઘણી જગ્યાઓ પણ ખાલી પડી છે. શ્રી મોદીએ શહેરોમાંથી અદ્દશ્ય થતી ચકલીઓનો ઉલ્લેખ કરતાં ચકલીઓના બચાવવા માટે ચાલી રહેલાં કેટલાંક અનોખા પ્રયાસોના ઉદાહરણ આપ્યા હતા.

RAJYPAL RAJKOT

રાજકોટમાં વૃક્ષોના સંરક્ષણ અને સંવર્ધન તેમજ નિરાધાર વૃદ્ધો માટે કામગીરી કરતા સદભાવના વૃદ્ધાશ્રમની રાજ્યપાલે મુલાકાત લીધી હતી..રાજકોટ ખાતે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા આયોજિત રામકથામાંરા જ્યપાલ આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ માટે વિકરાળ સમસ્યા બનેલા ગ્લોબલ વોર્મિંગ અને તેની અસરો વિશે વાત કરતા મુરારીબાપુ દ્વારા થઇ  રહેલી આ રામકથામાં રાજ્યપાલે કહ્યું હતું કે, સમગ્ર વિશ્વ પર્યાવરણની બદલાતી પરિસ્થિતિથી ચિંતિત છે ત્યારે સદ્દભાવના વૃદ્ધાશ્રમ દ્વારા પર્યાવરણ જતનના કાર્યને બિરદાવવાલાયક છે.

આ પ્રસંગે તેમણએ સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. જ્યાં ટ્રસ્ટી શ્રી ધીરેન્દ્ર કાનાબાર અને પ્રતિનિધિ શ્રી વિશાલ માંગુકિયાએ પુષ્પગુચ્છ દ્વારા રાજ્યપાલશ્રીને આવકાર્યા હતા. રાજ્યપાલશ્રીએ આશ્રમની કામગીરી અને વ્યવસ્થા નિહાળી નિવાસી વૃદ્ધો સાથે મુલાકાત કરી તેમના ખબર-અંતર પૂછ્યા હતા. રાજકોટના સદભાવના વૃધ્ધાશ્રમ તેમજ આર્ષ વિદ્યાલયની પણ તેમણે મુલાકાત લીધી હતી.

IIM

અમદાવાદ સહિત દેશભરની વિવિધ IIM માં પ્રવેશ માટે ગઈકાલે કેટ પરીક્ષા યોજાઈ હતી. જેમાં દેશભરના 2.90 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ઉલ્લેખનીય છે કે,  IIM માં પ્રવેશ માટે દર વર્ષે કેટ પરીક્ષા યોજાય છે જે માટે આ વર્ષે 3.29 લાખ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. જેમાંથી 2.90 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

આ માટે દેશભરમાં કુલ 167 કેન્દ્રો પર પરીક્ષા વ્યવસ્થા કરાઈ હતી. રાજ્યના અમદાવાદ, વાપી, ગાંધીનગર અને સુરત ખાતે પરીક્ષા લેવાઈ હતી. અમદાવાદ ખાતે આઠથી 10 હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

## DUPLICATE IAS

અમદાવાદ ક્રાઇમ બ્રાંચે એક નકલી સનદી ઓફિસર એવા મોરબીના એક શખ્સને ઝડપી પાડ્યો છે.. આ આરોપી સનદી અધિકારી હોવાનું કહીને લોકો પાસે નાણા પડાવતો હતો.. અમદાવાદના પાલડીમાં રહેતા અને ટ્રાવેલ્સનો વ્યવસાય કરતા વ્યક્તિને પોતાની ઓળખ IAS તરીકે આપીને સરકારી કામ માટે બે ઇનોવા ભાડે લીધી હતી. જેમાં બોગસ લેટરના આધારે તેમા સાયરન અને પડદા લગાવ્યા હતા. આ કાર લઇને તે અનેક જગ્યા પર ફરી લોકો પાસેથી પૈસા પડાવતો હતો..

આ આરોપીએ અનેક લોકોને સરકારી નોકરી અપાવવાનું કહીને નાણા પડાવ્યા હતા.. આરોપીએ અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીનો ખોટો પત્ર આપીને અનેક લોકો પાસેથી લાખો રૂપિયા ખંખેર્યાની ફરિયાદ અમદાવાદ ક્રાઇમ બ્રાંચમાં નોંધવામાં આવી છે. આરોપીન ધરપકડ કરીને તેની વધુ પૂછપરછ હાથ ધરી છે.

## KUTCH DRUGSSEIZE

ગુજરાત પોલીસને નશાકારક પદાર્થો ઝડપવામાં વધુ એક સફળતા મળી છે.. પૂર્વ કચ્છ પોલીસે 17 લાખ 75 હજારથી વધુનું કોકેઇન ઝડપી પાડ્યું છે.. મોટાપાયે ડ્રગ્સની હેરાફેરી કરનારા બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ દ્વારા ડ્રગ્સ સાથે ઝડપાયેલા બંને આરોપીઓની પૂછપરછ કરાઇ રહી છે. આ નશાકારકપદાર્થ ક્યાંથી આવ્યો અને કોને ડિલિવરી કરવામાં આવનાર હતી તે અંગેની પૂછપરછ પોલીસ કરી રહી છે.

KUBER DINDOR

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના ઉપક્રમે ચાલુ વર્ષે ભગવાન બિરસા મુંડા જન્મ જયંતીના ૧૫૦ વર્ષ પૂર્ણ થતાં તેની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત  મહીસાગરમાં સંતરામપુરના માનગઢ ધામ ખાતે જન જાતિ ગૌરવ દિવસની ઉજવણી રાજ્યના શિક્ષણ મંત્રી ડૉ કુબેર ડીંડોરની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી દ્વારા જાહેર કરાયેલી આદિવાસી સમાજના વિકાસની યોજનાથી લોકોને ફાયદો થશે તેમ જણાવ્યું હતું.

WEATHER

રાજ્યમાં લઘુતમ તાપમાનનો પારો સતત નીચે જતા ઠંડીનો અહેસાસ થઇ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ગાંધીનગર સૌથી ઠંડુ શહેર રહ્યું છે. પાટનગરનો પારો 11.8 ડિગ્રી નોંધાયો છે. આ ઉપરાંત અન્ય સાત શહેરોમાં પણ તાપમાન 16 ડિગ્રીની નીચે રહ્યું છે.. દાહોદમાં 12.7, પોરબંદરમાં 14 ડીગ્રી પારો નોંધાયો હતો.

PORBANDAR

પોરબંદર છાયા નગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં શહેરમાં કોમન સર્વિસ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવશે. આ સેન્ટર શરૂ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સેન્ટરનો પ્રારંભ થતાં અરજદારોને સરકારની વિવિધ 300 જેટલી યોજનાનો આ સેન્ટર ખાતેથી લાભ મળશે.

આ કોમન સર્વિસ સેન્ટરમાં પાનકાર્ડ, પી.એમ.વિશ્વકર્મા યોજના, પ્રધાનમંત્રી પ્રજાયોગી માનવધન યોજના સહિત સરકારની 300 જેટલી યોજનાનો લાભ મળશે. આ તમામ યોજનાનો અરજદારોને એક જ સ્થળેથી રજિસ્ટ્રેશન સહિતની કાર્યવાહી કરી દેવામાં આવશે.

આ સેવાના કારણએ 50 હજારથી પણ વધુ વસ્તીના નાગરિકોને આ સેન્ટરનો લાભ મળશે અને એક જ સ્થળેથી તમામ કાર્યવાહી થઇ જવાથી સમયની બચત થશે.

## KUTCH LEOPARD RESCUE CENTRE

કચ્છના ઇતિહાસ સાથે સંકળાયેલા દીપડાના સંવર્ધન અને સંરક્ષણ માટે ખાસ દીપડા બચાવ સેન્ટરનું નિર્માણ થઈ રહ્યું છે. આ સેન્ટરમાં કચ્છ સહિત રાજ્યમાં માનવ સંઘર્ષમાં આવેલા દીપડાઓની જાળવણી કરાશે. આ કેન્દ્રમાં 20 જેટલા દીપડા સાચવી શકાય તે માટેની કામગીરી પૂર્ણ થઇ છે.

પશ્ચિમ કચ્છ વન વિભાગના મુખ્ય અધિકારી યુવરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, આ માટેની તમામ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ દીપડા બચાવ સેન્ટરનું કાર્ય પૂર્ણતા તરફ આગળ ધપી રહ્યું છે. સંભવિત પખવાડિયાની અંદર તેનો વિધિવત પ્રારંભ થશે.

## Scholarship

CBSE દ્વારા સિંગલ ગર્લ ચાઇલ્ડ માટેની સ્કોલરશીપ યોજના માટે ઓનલાઇન અરજી મંગાવવાનો પ્રારંભ થયો છે.

જે વિદ્યાર્થીની 2025 ની બોર્ડની ધોરણ 10 ની પરીક્ષા પાસ કરી હોય ધોરણ 11 માં અભ્યાસ કરતી હોય તેઓ આ યોજના હેઠળ સ્કોલરશીપ માટે અરજી કરી શકશે. આ યોજના હેઠળ વિદ્યાર્થીનીઓની દર મહિને 500 રૂપિયાની સ્કોલરશીપ આપવામાં આવે છે.

યોજના અંતર્ગત સ્કોલરશીપ માટે 23 ડિસેમ્બર સુધી અરજી કરી શકશે. અરજી માટેનું ફોર્મ તથા અન્ય વિગતો CBSE ની વેબસાઇટ પર સ્કોલરશીપ લિન્ક પર ઉપલબ્ધ છે.